# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.

ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૨૪, ૨૧૬


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૭૯

તા.૪–૫–૨૦૨૪

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૪/૪**

**અરજદારો :–**

**(૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ**

## વિરુધ્ધ

**સામેવાળા** :શ્રી મિલિન્દ પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ.એક્ટ હેઠળની તા.૯–૨–૨૦૨૪ ની અરજી(આઈ.ડી.નં.૨૮૮૫)ની માહિતી આપવા બાબત.

**વંચાણમાં લીધું :**

૧. અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ ધ્વારા તા.૧૨–૪–૨૦૨૪ ના રોજ આર.ટી.આઈ. એક્ટ હેઠળ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૨. અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીનો તા.૧૫–૪–૨૦૨૪ રોજ નો પત્ર નં.સી./એફ.એ.પી./૦૨ (નમુનો–ઘ)

૩. અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ ધ્વારા તા.૯–૨–૨૦૨૪ ના રોજ આર.ટી.આઈ. એક્ટ હેઠળ કરવામાં આવેલ માહિતી માંગતી અરજી. (આઈ.ડી.નં.૨૮૮૫)

૪. એકઝી.આસી. અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૨–૨–૨૦૨૪ નો પત્ર નં.સીસીસી.સી.ઝેડ /આર.ટી.આઈ./આઉટ/૨૮૮૫ (નમુનો–ઘ)

૫. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૫–૨–૨૦૨૪ ના પત્રો નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૪/૧૫, ૧૬ અને ૧૭

૬. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસનો તા.૬–૩–૨૦૨૪ નો પત્ર નં.એમ.એસસી./ઈએસટી/૨૯૬

૭. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૬–૩–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૪/૩૮ (નમુનો–ખ)

૮. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૬–૩–૨૦૨૪ નો પત્ર નં.એમ.એસ.સી./૨૯૭ તેમજ તા.૬–૩–૨૦૨૪ ના રોજનો તેનો પ્રત્યુત્તર

૯. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૨–૩–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૪/૪૧ (નમુનો–ગ)

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ, રૂમ નં.૧૪, ગ્રા.ફ. સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, સુરત ધ્વારા તા.૯–૨–૨૦૨૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે નમુનો–ક હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ, જે જા.મા.અ. અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી ના તા.૧૨–૨–૨૦૨૪ ના પત્ર નં.સીસીસી.સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૮૮૫ (નમુનો–ઘ) થી અરજીના લાગત કુલ–૩ વિભાગોને એકીસાથે તબદીલ કરવામાં આવેલ, જે પૈકી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૨–૨–૨૦૨૪ ના રોજ મળેલ છે.

અરજીમાં જણાવેલ વિગતો અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીએ પત્રો નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૫, ૧૬ અને ૧૭ પાઠવેલા જેના અનુસંધાને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૬–૩–૨૦૨૪ ના રોજ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. તદ્ઉપરાંત જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીએ અરજીના મુદ્દા નં.૭ ના સંદર્ભમાં આર.ટી.આઈ. એકટની કલમ–૧૧(૧) મુજબ નોટીસ પાઠવેલ અને તેના અનુસંધાને પ્રત્યુત્તર પણ મેળવેલ છે. તા.૬–૩–૨૦૨૪ ના રોજ જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીઓને માહિતી/દસ્તાવેજો માટેની ફી જમા કરાવવા અર્થે પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૩૮ (નમુનો–ખ) પાઠવેલ હતો. જે મુજબ અરજદારશ્રીઓ ધ્વારા ફી જમા કરાવતા તા.૧૨–૩–૨૦૨૪ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૪૧ થી નમુનો–ગ હેઠળ અરજદારશ્રીઓને માહિતી/દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ છે. તા.૧૨–૪–૨૦૨૪ ના રોજ અરજદારશ્રીઓ તરફથી "નમૂના–જ" દર્શાવી "૩૦ દિવસમાં નમુનો–ખ કે નમુનો–ગ માં પ્રતિભાવ મળ્યો નથી" વિગેરે કારણો દર્શાવી આર.ટી.આઈ. એકટ હેઠળ મ્યુ.કમિશનરશ્રી, અપીલ અધિકારીશ્રી, ડેપ્યુટી સેક્રેટરીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ હતી. જે તા.૧૫–૪–૨૦૨૪ રોજ અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી ધ્વારા પત્ર નં.સી./એફ.એ.પી/૦૨(નમુનો–ઘ) થી એકીસાથે કુલ–૩ વિભાગોને તબદીલ કરવામાં આવેલ, જે પૈકી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૫–૪–૨૦૨૪ ના રોજ મળેલ છે.

જે અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૩–૪–૨૦૨૪ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૧૫ થી તા.૨૪–૪–૨૦૨૪ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ અને સામાવાળા શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજીના અનુસંધાને રૂબરૂ હાજર રહેવા અને જા.મા.અ અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીને અરજી બાબતેની કાર્યવાહીની વિગતો સહિત પક્ષ રજુ કરવા જણાવેલ. તા.૨૪–૪–૨૦૨૪ ના રોજની સુનાવણીમાં અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ તેમજ સામાવાળા પક્ષે શ્રી મિલિન્દ પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી નિયત સમયે હાજર રહેલ છે. અરજદારશ્રીઓએ સુનાવણી દરમ્યાન જણાવ્યું કે, તેઓને ૩૦ દિવસમાં નમુનો–ખ કે ગ માં પ્રતિભાવ મળ્યો નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ પ્રત્યુત્તર આપતા જણાવ્યું કે, તા.૬–૩–૨૦૨૪ ના રોજ નમુનો–ખ તેમજ તા.૧૨–૩–૨૦૨૪ ના રોજ નમુનો–ગ અરજદારશ્રીઓને નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે અને તેને આનુષાંગિક પેપરો રજુ કર્યા હતા. જે અરજદારશ્રીઓએ ગ્રાહય રાખેલા છે. અરજદારશ્રીઓએ માહિતી માંગતી અરજી અને તેના અનુસંધાને પાઠવવામાં આવેલ જવાબ/માહિતીની પુર્તતા બાબતે સુનાવણી દરમ્યાન જરૂરી ચર્ચા કરેલ, જે અન્વયે અરજદારશ્રીઓએ સુનાવણીના અંતે લેખિતમાં જણાવ્યું કે " માંગેલ માહિતીનો સંતોષકારક જવાબ મળેલ છે આપવાજોગ માહિતી હજુ પણ હોય તો તે આપવા રજુઆત કરેલ " જે બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ આર.ટી.આઈ. એકટ હેઠળની માહિતી તેમજ દસ્તાવેજો અરજદારશ્રીઓને નમુનો–ગ થી પુરા પાડવામાં આવેલ છે અને હવે કોઈપણ માહિતી આપવાની બાકી રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીઓની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી, અરજદારશ્રીઓનું સુનાવણી સમયેનું નિવેદન, આ કેસના ઉપલબ્ધ કાગળો, રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ ની તા.૯-૨-૨૦૨૪ ની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૮૫ (નમુનો-ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી(આંશિક) બાબતે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૧૨-૦૩-૨૦૨૪ ના રોજના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર (નમુનો-ગ) યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીઓની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતની અપીલ અરજી આથી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(જતીનકુમાર કે.ઠાકર)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :-**

ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ..... જાણ માટે.

ન.ર. :- અરજદારશ્રીઓ (૧) શ્રી મો.ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ પ્રતિ

**સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા**
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૨૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૫/ 3
તા.૧૦–૦૧–૨૦૨૫

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૫/૧**

**અરજદાર:**
**શ્રી મુકેશભાઈ આર. રામગોન્ડે(એડવોકેટ)**

**વિરુધ્ધ**

**સામેવાળા :** શ્રી મિલિન્દ પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળની તા.૧૯–૧૧–૨૦૨૪ની અરજી(આઈ.ડી.૧૮૮૩)ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૨૭–૧૨–૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું :**

૧. અરજદારશ્રીની આર.ટી.આઈ. એક્ટ હેઠળની તા.૧૯–૧૧–૨૦૨૪ ના રોજની જાહેર માહિતી અધિકારી અને અધ્યક્ષ સ્થાયી સમિતિને ઉદ્દેશીને કરેલ માહિતી માંગતી અરજી(નમુનો–ક).
૨. અરજદારશ્રીની તા.૬–૮–૨૦૨૪ ના રોજની અરજી/રજુઆત
૩. એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૨૦–૧૧–૨૦૨૪ નો પત્ર નં.સી.સી.સી.સી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૮૮૩
૪. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૭–૧૧–૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૪૬(A)(નમુનો–ગ)
૫. અરજદારશ્રીની આર.ટી.આઈ. એક્ટ હેઠળની એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ તા.૨૭–૧૨–૨૦૨૪ ના રોજની પ્રથમ અપીલ અરજી.
૬. એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૩૧–૧૨–૨૦૨૪ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૩૯૦
૭. અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૭
૮. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૬–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૨૭
૯. અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧૮–૩–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી શ્રી મુકેશભાઈ આર. રામગોન્ડે(એડવોકેટ) ધ્વારા તા.૬–૮–૨૦૨૪ ના રોજ (૧)મ્યુનિસિપલ કમિશનરશ્રી, (૨)રાજન બી.પટેલ (અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ) અને (૩) આસી.મ્યુ.ક.શ્રી(આકારણી અને વસુલાત અધિકારી) સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને એક રજુઆત/અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાશ્રીએ તા.૧૯–૧૧–૨૦૨૪ ના રોજ માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી અને અધ્યક્ષ સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને એક માહિતી માંગતી અરજી(નમુનો–ક) કરેલ. જે આઈ.ડી. નં.૧૮૮૩ થી નોંધાયેલ છે.

સદર માહિતી માંગતી અરજી એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તા.૨૦–૧૧–૨૦૨૪ ના નં.સી.સી.સી.સી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૮૮૩ (નમુનો–ઘ) થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, મદદનીશ જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્કએ તા.૨૧–૧૧–૨૦૨૪ ના રોજ ડેપ્યુટી સેક્રેટરી અને પી.એ.ટુ અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને તેઓએ તા.૨૫–૧૧–૨૦૨૪ ના પત્ર નં.અધ્યક્ષ/સ્થા.સ./આર.ટી.આઈ./૨ થી પ્રત્યુત્તર આપવામાં આવેલ. જે હેઠળ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીએ સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૨૭–૧૧–૨૦૨૪ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/ ૨૦૨૪/૧૪૬(એ) (નમુનો–ગ) થી સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે જવાબ(નમુનો–ગ) થી નારાજ થઈ અરજદારશ્રીએ એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ રજુ કરેલ હતી. જે સેક્રેટરી ઓફિસ ખાતે જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજરશ્રી ના તા.૩૧–૧૨–૨૦૨૪ રોજના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૩૯૦ થી તા.૨–૧–૨૦૨૫ ના રોજ મળેલ. જે પ્રથમ અપીલ ક્રમાંક:૨૦૨૫/૧ થી નોંધાયેલ છે.

પ્રથમ અપીલ અરજીમાં જણાવેલ વિગતો લઈ, તા.૬–૧–૨૦૨૫ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૫/૨ થી અરજદારશ્રીની અનુકુળતા ધ્યાને રાખી તા.૭–૧–૨૦૨૫ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે અરજદારશ્રી મુકેશભાઈ આર. રામગોન્ડે(એડવોકેટ) અને સામાવાળા પક્ષે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને અપીલની સુનવણીમાં રૂબરૂ હાજર રહેવા માટે તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીને અરજી(આઈ.ડી.નં.૧૮૮૩) ના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૬–૧–૨૦૨૫ ના રોજ પત્રથી પોતાની રજુઆત કરેલ છે.

તા.૭–૧–૨૦૨૫ ના રોજની સુનવણીમાં અરજદાર શ્રી મુકેશભાઈ આર. રામગોન્ડે(એડવોકેટ) અને સામાવાળા પક્ષે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ નિયત સમયે હાજર રહેલ. સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારશ્રીને સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી નિયત સમયમર્યાદામાં નમુનો–ગ હેઠળ પુરી પાડવામાં આવેલ છે તેવું જણાવી તેની સાહિતી સહ રજુઆતો તેમજ જરૂરી પુરાવાઓ રજુ કરેલ. અરજદારશ્રીએ પ્રથમ અપીલમાં જણાવેલ બીજી માહિતી માંગતા અપીલ અધિકારીશ્રીએ જણાવ્યું કે, માહિતીની અરજી અન્વયેની અરજદારશ્રીને માહિતી આપ્યા બાદ અરજદારશ્રીને બીજી માહિતી જોઈતી હોય તો ફરીથી નમુનો–ક માં અરજી કરવી. સુનવણી અંતે અરજદારશ્રીને તેઓની માંગવામાં આવેલ માહિતી અને તેના અનુસંધાને પાઠવવામાં આવેલ જવાબ બાબતે સંતોષ થાય તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે અરજદારશ્રીએ પુખ્ત ચર્ચા વિચારણ બાદ માન્ય રાખેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારશ્રી મુકેશભાઈ આર. રામગોન્ડે(એડવોકેટ)ની તા.૧૯–૧૧–૨૦૨૪ ની મુળ અરજી આઈ.ડી. નં.૧૮૮૩ થી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી તા.૨૭–૧૧–૨૦૨૪ ના રોજ નમુનો–ગ હેઠળ પુરી પાડવામાં આવેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે.

આમ, સમગ્રયતા ધ્યાને લેતા અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદારશ્રી સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(મુકેશ આર. જરીવાલા)
પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી
સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા.

---

<u>નકલ રવાના :–</u>

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.

ન.ર. :– અરજદારશ્રી મુકેશભાઈ આર. રામગોન્ડે(એડવોકેટ) પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૨૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૫/૬
તા.૪–૦૨–૨૦૨૫

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૫/૨**

**અરજદારો:**

**(૧)શ્રી મોહંમદ ઈકબાલ શેખ (૨)શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ**

**વિરુધ્ધ**

**સામેવાળા :**

શ્રી મિલિન્દ એચ. પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૩૦–૧૧–૨૦૨૪ ની અરજી(આઈ.ડી.નં.૧૯૯૨) બાબત.

**સંદર્ભ:**(૧) અરજદારશ્રીની તા.૨૨–૧–૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી.
(૨) અરજદારશ્રીનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર

**વંચાણમાં લીધું :**

૧. અરજદારોની તા.૩૦–૧૧–૨૦૨૪ ના રોજની માહિતી માંગતી અરજી (નમુનો–ક).

૨. એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૩–૧૨–૨૦૨૪ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૯૯૨ (નમુનો–ઘ)

૩. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૭–૧૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૫૪(નમુનો–ઘ)(આંશિક તબદીલ)

૪. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૨–૧૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૫૮

૫. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૨–૧–૨૦૨૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૫/૩

૬. અરજદારોનો તા.૬–૧–૨૦૨૫ નો પત્ર

૭. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૬–૧–૨૦૨૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૫/૭

૮. અરજદારોનો તા.૧૭–૧–૨૦૨૫ નો પત્ર

૯. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૫/૧૦ (નમુનો–ગ)

૧૦. અરજદારોની તા.૨૨–૧–૨૦૨૫ ના રોજની પ્રથમ અપીલ અરજી.

૧૧. પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૫/૪ (અપીલની સુનાવણી–પ્રથમ વખત)

૧૨. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૫/૧૧

૧૩. અરજદારોનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર

૧૪. પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૮–૧–૨૦૨૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૫/૫ (અપીલની સુનાવણી–બીજી વખત)

..૨

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારો (૧) શ્રી મોહંમદ ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ ધ્વારા તા.૩૦–૧૧–૨૦૨૪ ના રોજ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ તથા લાગત જા.મા.અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ છે. જે અરજી આઈ.ડી.નં.૧૯૯૨ થી નોંધાયા બાદ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૩–૧૨–૨૦૨૪ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./ આઉટ–૧૯૯૨(નમુનો–ઘ) થી કુલ–૪ જુદા–જુદા વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને એકસાથે તબદીલ કરેલ હતી. જે અરજી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૪–૧૨–૨૦૨૪ ના રોજ મળેલ છે. જે અરજી જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(પેન્શન) વિભાગને તા.૭–૧૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૫૪(નમુનો–ઘ) થી આંશિક તબદીલ કરેલ તેમજ સદર અરજીના અનુસંધાને ડેપ્યુટી સેક્રેટરીશ્રી(એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ), પ્રોસીડીંગ રાઈટરશ્રી(જનરલ બોર્ડ) અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ) ને જરૂરી પત્રો પાઠવેલ અને તે અન્વયે મળેલ વિગતો તેમજ અરજદારોની નમુનો–ગ માં "માહિતીની નકલો આપવી. દફતરી ચકાસણી માટે બોલાવશો નહી" એવી રજુઆત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રીએ અરજદારોને તા.૧૨–૧૨–૨૦૨૪ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૫૮ થી દિન–૩ માં સ્પષ્ટતા કરવા વિનંતી કરતો પત્ર પાઠવેલ (પ્રથમ વખત) પરંતુ તેનો કોઈ પ્રત્યુત્તર નહીં મળતા ફરી તા.૨–૧–૨૦૨૫ ના રોજ ફરીથી દિન–૨ માં સ્પષ્ટતા કરવા પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૫/૩ પાઠવેલ (બીજી વખત) જે અન્વયે અરજદારોએ તા.૬–૧–૨૦૨૫ ના રોજ પત્રથી રજુઆત કરેલ જેમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ અરજદારોને માહિતી પુરી પાડવા માટેની અંતિમ તક આપવા તા.૧૬–૧–૨૦૨૫ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૫/૭ પાઠવેલ(ત્રીજી વખત). જેથી અરજદારોએ તા.૧૭–૧–૨૦૨૫ ના રોજ પત્ર ધ્વારા જણાવ્યું છે કે, "(૧)સેક્રેટરી અને ઓડીટ વિભાગમાં રોસ્ટર પ્રથાનો અમલ થતો નથી. જે રાજય સરકારના કે મહાનગરપાલિકાના કયા નિયમ/ઠરાવને આધિન છે તેના પરિપત્ર/ઠરાવની શરતો અને નકલો આપવી અને (૨) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓને ગ્રેજયુઈટી તેમજ એડીશનલ ગ્રેજયુઈટી મળવાપાત્ર છે. જે કયાં નિયમ/ઠરાવને આધિન આપવાનું બંધ કરેલ છે. તે પરિપત્ર/ઠરાવની શરતો અને નકલોની સંપુર્ણ માહિતી આપવી." જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૨૧–૧–૨૦૨૫ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૫/૧૦ થી અરજદારોને નમુનો–ગ હેઠળ જણાવ્યું છે કે, સેક્રેટરી ઓફિસ માહિતી આપવા કટિબધ્ધ છે અને તે પણ વહેલામાં વહેલી તકે અને સમયમર્યાદામાં પરંતુ તે માટે ઠરાવ નંબર અને તારીખની ખાસ જરૂરીયાત રહે છે કારણકે, સેક્રેટરી ઓફિસ ખાતે ઠરાવની નિભાવણી 'વિષય' ને આધારે થતી નથી પરંતુ ઠરાવ નંબર અને તારીખના આધારે થાય છે. જે બાબતે કુલ–૩ પત્રો પાઠવવામાં આવેલ છે પરંતુ અરજદારોએ પત્રોથી માંગવામાં આવેલ માહિતીના સંબધિત ઠરાવ નંબર અને તારીખ અંગેની કોઈપણ પ્રકારે સ્પષ્ટતા કરેલ નથી. જે સઘળી હકીકતો ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.૭,૯ અને ૧૦(આંશિક) બાબતેની માહિતી માંગતી અરજી દફતરે કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીના જવાબ(નમુનો–ગ) થી નારાજ થઈ અરજદારોએ અપીલ અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ રજુ કરેલ હતી. જે સેક્રેટરી ઓફિસ ખાતે પ્રથમ અપીલ ક્રમાંક:૨૦૨૫/૨ થી નોંધાયેલ છે. અપીલ અરજીની વિગતો ધ્યાને લઈ સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી બાબતે તા.૨૨–૧–૨૦૨૫ ના રોજના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૫/૪ થી અરજદારો (૧)શ્રી મોહંમદ ઈકબાલ શેખ અને (૨)શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ તેમજ સામાવાળા પક્ષે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને તા.૨૪–૧–૨૦૨૫ ના રોજ સવારના ૧૧–૩૦ કલાકે પ્રથમ અપીલની સુનવણીમાં રૂબરૂ હાજર રહેવા માટે તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીને અરજી (આઈ.ડી.નં.૧૯૯૨) ના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૨૩–૧–૨૦૨૫ ના રોજ પત્રથી પોતાની રજુઆત/પક્ષ રજુ કરેલ છે. અરજદારોએ તા.૨૩–૧–૨૦૨૫ ના રોજ પત્ર પાઠવી તેઓ તા.૨૪–૧–૨૦૨૫ ના રોજ અન્ય કામગીરીમાં રોકાયેલા હોવાથી હાજર રહી શકીએ તેમ નથી. જેથી ન્યાયના હિતમાં વધુ એક તારીખ આપવા અપીલ કરેલ. જે પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીએ ગ્રાહય રાખી અરજદારશ્રી મોહંમદ ઈકબાલ શેખને ટેલીફોન કરી તેઓને અનુકુળતા રહે તેવી તારીખ અને સમયની વિગત મેળવી તા.૩૦–૧–૨૦૨૫ ના રોજ, સાંજે ૪–૦૦ કલાકે પ્રથમ અપીલની સુનાવણી (બીજી વખત) મુકરર કરેલ હતી.

તા.૩૦–૧–૨૦૨૫ ના રોજ બીજી વખત રાખવામાં આવેલ સુનાવણીમાં અરજદારો (૧)શ્રી મોહંમદ ઈકબાલ શેખ અને (૨)શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણીમાં તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, મિલિન્દ એચ.પટેલ નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલ  હેઠળની વિગતો એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અને જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસ ખાતે સામાન્ય સભા સહિત વિવિધ સમિતિઓના ઠરાવ તેમજ એજન્ડા રેકર્ડની નિભાવણી સમિતિ વાઈસ, જે તે વર્ષ પ્રમાણે–ઠરાવ ક્રમાંક અને તારીખ પ્રમાણે ક્રમાનુસાર કરવામાં આવે છે. સદર રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા/વિભાગ પ્રમાણે અલગ–અલગથી કરવામાં આવતી નથી. જેથી અરજદારશ્રીને તેઓની અરજીના અનુસંધાને સ્પષ્ટતા માટે કુલ–૩ પત્રો પાઠવેલ છે. પરંતુ અરજદારોએ અત્રેની કચેરીએ પાઠવેલ પત્રોથી માહિતી સબંધિત લાગુ પડતી સમિતિ તેમજ તેના ચોકકસ ઠરાવ નંબર અને તારીખ અંગેની કોઈપણ પ્રકારે સ્પષ્ટતા કરેલ નથી જેથી નમુનો–ગ હેઠળ સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.૭, ૯ અને ૧૦(આંશિક)ની માહિતી માંગતી અરજી દફતરે કરેલ છે. ઉપરાંત અરજદારોએ પ્રથમ સુનાવણીમાં પત્રથી વધુ એક તારીખ આપવા અપીલ કરેલ જે હેઠળ અરજદારોની સાથે ચર્ચા કર્યા બાદ તેઓની અનુકુળ તારીખ અને સમયે પ્રથમ અપીલની સુનવણી બીજી વખત રાખેલ તેમછતાં કોઈપણ જાણ કે કારણ વગર સુનાવણીમાં અરજાદરો હાજર રહેલ નથી. જેથી અરજદારોને રેકર્ડ આધારિત જવાબ પાઠવવામાં આવેલ હોવાથી પ્રથમ અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

અરજદારોની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારો (૧)શ્રી મોહંમદ ઈકબાલ શેખ અને (૨)શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિની મુળ અરજી આઈ.ડી.નં.૧૯૯૨ (નમુનો–ક) અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.૭, ૯ અને ૧૦ (આંશિક) બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૨૧–૧–૨૦૨૫ ના રોજ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારોની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને આંશિક રીતે લાગુ પડતી બાબતેની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદારો સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(મુકેશ આર. જરીવાલા)
પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી
સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા.

---

<u>નકલ રવાના :–</u>
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારો (૧) શ્રી મોહંમદ ઈકબાલ શેખ (૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ પ્રતિ.....જાણ સારૂ.